ક્રમાંક: ધ/માધ્ય/અનદ-૧/ વહી.સેમિ/૨૦૧૯/ 34864 - 98

કમિશનર શાળાઓની કચેરી,
બ્લૉક નં.૯/૧ ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૦૯/૧૨/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય:- ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના સને ૨૦૧૯-૨૦ના વર્ષમાં અધિવેશન યોજવાની મંજૂરી આપવા બાબત.

સંદર્ભ:- પ્રમુખશ્રી ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના તા.૨૬/૧૧/૧૯નો પત્ર

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ અધિવેશન ગુજરાત રાજ્યમાં યોજવાની આથી પરવાનગી આપવામાં આવે છે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૨/૦૭/૯૯ના ઠરાવના પરિશિષ્ટ-૨ની આઈટમની કલમ-૩૫ અનુસાર સેમિનાર/પરિષદ અન્વયેનો ખર્ચ માન્ય કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. જેના આધારે અધિવેશન માટેના રૂ.૧૦૦૦ (અંકે રૂપીયા એક હજાર પૂરા) તથા અધિવેશનમાં હાજરી આપતા આચાર્યોના પ્રવાસભથ્થાનો ખર્ચ શાળાની ગ્રાન્ટમાંથી નિયમોનુસાર મળવાપાત્ર થશે. તે મુજબની મંજૂરી આ કચેરીના સંદર્ભ-૩માં જણાવેલ તા.૨૬/૧૨/૧૮ના પત્રથી આપવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘની તા.૨૬/૧૨/૧૮ની રજુઆત પરત્વે તેમા સુધારો કરી અધિવેશન માટે રૂ.૧૦૦૦ (એક હજાર રૂપીયા પૂરા) તથા અધિવેશનમાં હાજરી આપતા આચાર્યોને નિયમ મુજબ ભથ્થાની ચૂકવણી શાળાની ગ્રાન્ટમાંથી નિયમોનુસાર મળવાપાત્ર થશે.

ઉક્ત ખર્ચ શાળાને મળવાપાત્ર ઈત્તરખર્ચની જોગવાઇ મુજબ ગ્રાન્ટને પાત્ર ગણવા માટે નિયમોનુસાર કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સંઘના અધિવેશન માટેનું સ્થળ અને તારીખ સંઘની અનુકૂળતા પ્રમાણે નક્કી કરવાનું રહેશે. પરંતુ આ અધિવેશન વધુમા વધુ ૩(ત્રણ) દિવસથી વધુ ન હોવું જોઇએ. અધિવેશન ખરેખર જે તારીખે યોજાય તેની જાણ આ કચેરીને કરવાની રહેશે.

નોંધ પર માન. નિયામકશ્રીના આદેશથી.

સંયુક્ત શિક્ષણ નિયામક,
(માધ્યમિક)
ગુ.રા., ગાંધીનગર.

નકલ રવાના જાણ સારુ:
- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ.
  સારસ્વત ભવન અભિષેક બીલ્ડીંગ, સેક્ટર-૧૧, ગાંધીનગર.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા પાલનપુર

Scanned by CamScanner